* M A E - 7 4 5 9 - 5 0 - 1 6 *

# MAE-7459

Seat No. ________

## Second Year B. Com. (Non CBCS) Examination

### February – 2018

## Corporate Accounting

## (Old Course)

Time : **3** Hours] [Total Marks : **100**

**સૂચના :** (૧) પ્રશ્નપત્રમાં પાંચ પ્રશ્નોનો સમાવેશ થાય છે.

(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

**૧** રામ લિમિટેડ અને શ્યામ લિમિટેડના તા. ૩૧-૩-૨૦૧૭ના રોજના પાકાં સરવૈયાં નીચે મુજબ હતાં : **૨૦**

| **જવાબદારીઓ** | **રામ લિ. રૂ.** | **શ્યામ લિ. રૂ.** | **મિલકતો** | **રામ લિ. રૂ.** | **શ્યામ લિ. રૂ.** |
|---|---|---|---|---|---|
| ભરાયેલી મૂડી : | | | પાઘડી | ૧,૦૦,૦૦૦ | - |
| ઓર્ડિનરી શેર દરેક રૂ. ૧૦૦નો પૂરો ભરાયેલ | ૧૦,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | જમીન અને મકાન | ૩,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| ૬%ના પ્રેફરન્સ શેર રૂ. ૧૦૦નો પૂરો ભરાયેલા | ૫,૦૦,૦૦૦ | - | સાંચા અને યંત્રો | ૬,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| | | | રોકાણો | ૧,૦૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| | | | સ્ટૉક | ૨,૫૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| સામાન્ય અનામત | - | ૧,૨૦,૦૦૦ | દેવાદારો | ૩,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| ૧૦%ના ડિબેન્ચર્સ | ૨,૦૦,૦૦૦ | - | રોકડ-બૅન્ક | ૧,૭૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| બૅન્ક લોન | ૧,૫૦,૦૦૦ | - | પ્રાથમિક ખર્ચ | ૩૦,૦૦૦ | - |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ | - | ૮૦,૦૦૦ | નફા-નુકસાન ખાતું | ૧,૫૦,૦૦૦ | - |
| લેણદારો | ૧,૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | | | |
| | **૨૦,૦૦,૦૦૦** | **૮,૦૦,૦૦૦** | | **૨૦,૦૦,૦૦૦** | **૮,૦૦,૦૦૦** |

ઉપરોક્ત તારીખે બંને કંપનીઓને સંયોજન કરી રૂ. ૨૫,૦૦,૦૦૦ની સત્તાવાર મૂડી સાથે રામ-શ્યામ લિ. નામની નવી કંપની સ્થાપવાનું નક્કી કર્યું. જે રૂ. ૧૦૦નો એક એવા ૨૦,૦૦૦ ઓર્ડિનરી શૅર અને ૫,૦૦૦ ૧૦%ના પ્રેફરન્સ શૅરોમાં વહેંચાયેલી હતી.

રામ લિ.ના રોકાણો અને શ્યામ લિ.ની રૂ. ૧૦,૦૦૦ની રોકડ સિવાયની મિલકતો અને દેવાં લેવા બંને કંપનીઓની કાયમી મિલકતોની બજારકિંમત ચોપડે કિંમત કરતાં ૨૦% વધુ ગણવી.

ચુકવણીની શરતો નીચે મુજબ હતી :

(૧) બંને કંપનીઓના પાંચ ઓર્ડિનરી શૅરના બદલામાં રામ-શ્યામ લિમિટેડે તેના છ ઓર્ડિનરી શૅર પૂરા ભરાયેલા ગણી ૧૦%ના પ્રીમિયમે આપવા.

(૨) રામ લિમિટેડના પાંચ પ્રેફરન્સ શૅરના બદલામાં રામ-શ્યામ લિમિટેડના ચાર પ્રેફરન્સ શૅર પૂરા ભરાયેલ તેમજ રૂ. ૫૦,૦૦૦ રોકડા આપવા.

(૩) રામ લિમિટેડના ડિબેન્ચરહોલ્ડરોને ૮% પ્રીમિયમ મળી રહે તે રીતે રામ-શ્યામ લિમિટેડે પોતાના ૧૨%ના ડિબેન્ચર્સ રૂ. ૧૦૦નો એક એવા ૧૦%ના વટાવે આપવા.

(૪) રામ લિમિટેડને રૂ. ૧૪,૦૦૦ રોકડા આપવા.

રામ-શ્યામ લિમિટેડે પોતાના બાકીના ઓર્ડિનરી શૅર, શૅરદીઠ રૂ. ૨૦ના પ્રીમિયમે જાહેર જનતામાં બહાર પાડ્યા, જે પૂરા ભરાઈ ગયા, પ્રાથમિક ખર્ચ રૂ. ૧૦,૦૦૦ થયો.

રામ-શ્યામ લિમિટેડના ચોપડે આમનોંધ આપો અને તેનું પાકું સરવૈયું તૈયાર કરો.

**અથવા**

૧ અમન લિમિટેડ તા. ૩૧-૩-૨૦૧૭ના રોજથી બમન લિ.નો ધંધો પોતાનામાં સમાવી લીધો. તે તારીખે બંને કંપનીઓના પાકાં સરવૈયાં નીચે મુજબ હતાં : ૨૦

| મૂડી-દેવાં | અમન લિ. રૂ. | બમન લિ. રૂ. | મિલકત-લેણાં | અમન લિ. રૂ. | બમન લિ. રૂ. |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી દરેક | | | પાઘડી | ૫૦,૦૦૦ | ૨૫,૦૦૦ |
| રૂ. ૧૦ પૂરા | | | જમીન-મકાન | ૧,૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| ભરપાઈ | ૩,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | યંત્રો | ૧,૫૦,૦૦૦ | ૧,૪૦,૦૦૦ |
| ૧૦%ની પ્રેફરેન્સ | | | સ્ટૉક | ૧,૦૦,૦૦૦ | ૭૫,૦૦૦ |
| શૅરમૂડી દરેક | | | દેવાદારો | ૧,૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| રૂ. ૧૦૦ના પૂરા | | | લેણી હૂંડીઓ | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ભરપાઈ | ૧,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | બૅન્ક સિલક | ૬૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| ૧૦%ના ડિબેન્ચર | ૧,૦૦,૦૦૦ | ૪૦,૦૦૦ | પ્રાથમિક ખર્ચાઓ | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૫૦,૦૦૦ | ૪૦,૦૦૦ | | | |
| નફા-નુકસાન ખાતું | ૨૫,૦૦૦ | ૨૦,૦૦૦ | | | |
| બૅન્ક લોન | ૨૫,૦૦૦ | ૧૫,૦૦૦ | | | |
| લેણદારો | ૧,૦૦,૦૦૦ | ૮૫,૦૦૦ | | | |
| | **૭,૦૦,૦૦૦** | **૫,૦૦,૦૦૦** | | **૭,૦૦,૦૦૦** | **૫,૦૦,૦૦૦** |

અમન લિ.એ નીચેની શરતોએ બમન લિ.ને સમાવી લીધી છે :

(૧) ખરીદ કિંમત અંગે :

(અ) બમન લિ.ના પ્રેફરન્સ શૅરના બદલામાં તેટલી જ રકમના અમન લિ.ના ૧૦% પ્રેફરન્સ શૅર પૂરા ભરાયેલા આપવા તથા રૂ. ૧૧,૫૦૦ રોકડા આપવા.

(બ) બમન લિ.ના ડિબેન્ચર્સહોલ્ડરોને ૨૫% પ્રીમિયમ મળે તેટલી રકમના અમન લિ.ના ડિબેન્ચર્સ આપવાના છે.

(ક) બાકીની રકમના અમન લિ.ના ઈક્વિટી શૅર દરેક રૂ. ૧૦ના ૨૦% જામીનગીરી પ્રીમિયમથી આપવાના છે.

(૨) બમન લિ.ના યંત્રોની કિંમત ૨૦% વધારે, સ્ટૉકની કિંમત ૧૦% ઓછી ગણવી. દેવાદારો ઉપર ૧૦% લેખે ઘાલખાધ અનામત રાખવી. પાઘડીની કિંમત રૂ. ૫૦,૦૦૦ ગણવી. બીજા મિલકત-દેવાં ચોપડે કિંમતે લઈ લેવા.

અમન લિ.ના ચોપડે જરૂરી ગણતરીઓ કરો અને અમન લિ.નું નવું પાકું સરવૈયું તૈયાર કરો. (બમન લિ.ના સમાવેશ પછીનું)

૨ MDX લિ.ના ચોપડામાંથી તા. ૩૧-૩-૨૦૧૭ના રોજ નીચે પ્રમાણેની બાકીઓ મેળવવામાં આવી હતી : ૨૦

| *વિગત* | *ઉધાર બાકી* રૂ. | *વિગત* | *જમા બાકી* રૂ. |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | ૨૭,૦૦૦ | દરેક રૂ. ૧નો એવા, ૧,૦૦,૦૦૦ ઈક્વિટી શૅર | ૧,૦૦,૦૦૦ |
| ખરીદી | ૭૯,૦૦૦ | | |
| મજૂરી | ૧૦,૦૦૦ | | |
| આવકમાલ ગાડા ભાડું | ૬૦૦ | દરેક રૂ. ૧નો એવા ૫% નવા રિડિમેબલ પ્રેફરન્સ શૅર (૧,૦૦,૦૦૦) | ૧,૦૦,૦૦૦ |
| સામાન્ય ખર્ચા | ૪,૦૦૦ | | |
| ભાડું અને કરવેરા | ૨,૦૦૦ | | |
| મોટર કાર | ૩,૦૦૦ | | |
| જાવકમાલ ગાડા ભાડું | ૧,૪૦૦ | વેચાણ | ૮૪,૦૦૦ |
| પગાર | ૩,૧૦૦ | ઘાલખાધ અનામત | ૧,૫૦૦ |
| બૅન્ક ખર્ચ | ૧૦૫ | લેણદારો | ૧૭,૫૦૦ |
| ઘાલખાધ | ૨,૧૦૦ | | |
| ડિરેક્ટર ફી | ૨,૦૦૦ | | |
| દેવાદારો (જે પૈકી રૂ. ૩,૦૦૦, ૬ માસથી વધુ સમયના છે.) | ૧૯,૮૦૦ | | |
| નફા-નુકસાન ખાતું | ૧૯,૬૫૦ | | |
| બૅન્ક સિલક | ૭૯૫ | | |
| જમીન અને મકાન | ૮૭,૦૦૦ | | |
| પ્લાન્ટ અને યંત્રો | ૧૭,૫૦૦ | | |
| પાઘડી | ૨૦,૦૦૦ | | |
| પ્રાથમિક ખર્ચ | ૨,૯૫૦ | | |
| X લિ.માં રોકાણ રૂ. ૨નો એક એવા ૧,૦૦૦ ઈક્વિટી શૅર રૂ. ૧ ભરપાઈ થયેલ | ૧,૦૦૦ | | |
| | *૩,૦૩,૦૦૦* | | *૩,૦૩,૦૦૦* |

નીચે દર્શાવેલ વિગતોને ધ્યાનમાં લઈને તમારે MDX લિ.નું વેપાર ખાતું, નફા-નુકસાન ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરવાનું છે :

(૧) આખર સ્ટૉકની કિંમત રૂ. ૩૬,૦૦૦ આંકવામાં આવી છે.

(૨) એમ માલૂમ પડ્યું છે કે તા. ૩૧-૩-૨૦૧૭ના રોજ થયેલ રૂ. ૨૦૦નું ઉધાર વેચાણ હિસાબી ચોપડામાં નોંધાયું નથી તેમ છતાં આખર સ્ટૉકમાં તેની ગણતરી થઈ ગઈ છે.

(૩) જેનો વીમો ઉતરાવેલ નથી એવા રૂ. ૩,૦૦૦નો એક સ્ટૉક આગથી નાશ પામેલ છે.

(૪) તા. ૩૧-૩-૨૦૧૭ના રોજ રૂ. ૧,૦૦૦ની કિંમતના ખરીદેલ પ્લાન્ટ અને યંત્રો ભૂલથી ખરીદીમાં સમાવાયા છે.

(૫) તા. ૩૦-૯-૨૦૧૬ના રોજ રૂ. ૪,૦૦૦ની કિંમતના નવા યંત્રો ગોઠવતાં થયેલ ખર્ચના રૂ. ૫૦૦નો સમાવેશ મજૂરીમાં કરવામાં આવ્યો છે.

(૬) તા. ૩૧-૩-૨૦૧૭ના રોજ રૂ. ૯,૦૦૦ની જૂની મોટરકારની ખરીદીનો સમાવેશ ખરીદનોંધમાં થયેલ છે. અને તે ઉપરાંત તેના પર તા. ૩૦-૯-૨૦૧૬ સુધીની લાયસન્સ ફી રૂ. ૨૦૦ ચૂકવી છે.

(૭) છેલ્લા ત્રણ વર્ષથી રીડીમેબલ પ્રેફરન્સ શૅર પર ડિવિડન્ડ ચૂકવવામાં આવ્યું નથી.

(૮) પ્લાન્ટ અને યંત્રો પર ૧૦% લેખે અને મોટરકાર પર ૨૦% લેખે ઘસારો ગણો.

(૯) પ્રાથમિક ખર્ચમાંથી ૧૦% માંડીવાળો, ઘાલખાધ અનામત રૂ. ૨,૦૦૦ સુધી વધારો, અગાઉથી ચૂકવેલ ભાડું અને કરવેરા રૂ. ૮૦૦.

(૧૦) MDX લિ.ની સત્તાવાર થાપણ : ૧,૫૦,૦૦૦ ઈક્વિટી શૅર દરેક રૂ. ૧નો એવા અને ૧,૦૦,૦૦૦, ૫%ના રિડિમેબલ પ્રેફરન્સ શૅર દરેક રૂ. ૧નો.

**અથવા**

૨ તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ કંપનીએ રૂ. ૧,૮૦,૦૦૦ના રિડિમેબલ પ્રેફરેન્સ શૅર મૂળ કિંમતે બહાર પાડ્યા છે. આ શૅર કંપનીની મરજી અનુસાર તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ કે ત્યારબાદ પૂરેપૂરા કે ભાગમાં પરત કરી શકે છે. નફામાંથી નીચે મુજબ શૅર પરત કરવામાં આવ્યા : **૨૦**

૩૦-૬-૨૦૧૩ના રોજ .................... રૂ. ૬૦,૦૦૦

૩૦-૬-૨૦૧૪ના રોજ .................... રૂ. ૪૦,૦૦૦

ડિસેમ્બર, ૨૦૧૩માં કંપનીએ રૂ. ૬૦,૦૦૦ની દાર્શનિક કિંમતના ઈક્વિટી શૅર, ૨%ના પ્રીમિયમે બહાર પાડ્યા અને તે જ વર્ષના તા. ૩૧મી ડિસેમ્બરના રોજ બાકીના પ્રેફરન્સ શૅર પરત કર્યા.

વ્યવહારો નોંધવા માટે જરૂરી આમનોંધ કરો.

૩ રજનીશ લિમિટેડનું તા. ૩૧-૩-૨૦૧૭ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે : **૨૦**

| **જવાબદારીઓ** | **રૂ.** | **મિલકતો** | **રૂ.** |
|---|---|---|---|
| દરેક રૂ. ૧નો એવા ૭૫,૦૦૦ ૬%ના ક્યુ. શૅર પૂરા ભરાયેલા | ૭૫,૦૦૦ | પરચૂરણ મિલકતો | ૧,૫૭,૦૦૦ |
| દરેક રૂ. ૧નો એવા ૧,૦૦,૦૦૦ ઈક્વિટી શૅર પૂરા ભરાયેલા | ૧,૦૦,૦૦૦ | ન.નુ. ખાતું | ૫૨,૦૦૦ |
| ૫%ના ડિબેન્ચર : ૨૦,૦૦૦ + ચઢેલું વ્યાજ : ૨,૦૦૦ | ૨૨,૦૦૦ | | |
| પરચૂરણ લેણદારો | ૧૨,૦૦૦ | | |
| | ૨,૦૯,૦૦૦ | | ૨,૦૯,૦૦૦ |

પ્રેફરન્સ શૅર પર છેલ્લાં બે વર્ષનું ડિવિડન્ડ ચૂકવ્યું નથી. એમ ઠરાવવામાં આવ્યું છે કે બધી મિલકતો ખરીદી લેવા માટે અરવિંદ લિ. નામની એક નવી કંપની સ્થાપવી. નવી કંપનીની મૂડી દરેક રૂ. ૧નો એવા ઈક્વિટી શૅરની બનેલી છે. નીચેની યોજના યોગ્ય રીતે મંજૂર થઈ છે :

(૧) નવી કંપનીના શૅર જૂની કંપનીના શૅરના બદલામાં નીચેના ધોરણે આપવા.

(અ) ઈક્વિટી શૅરહોલ્ડરોને તેમના પાંચ શૅરના બદલામાં નવી કંપનીનો એક શૅર આપવો.

(બ) પ્રેફરન્સ શૅરહોલ્ડરોને પાંચ શૅરના બદલામાં નવી કંપનીના ત્રણ શૅર આપવા. તેમના બાકી પ્રેફરન્સ ડિવિડન્ડના બદલામાં દર ૨૫ શૅરે એક નવો અડધો શૅર આપવો.

(૨) નવી કંપની ડિબેન્ચરહોલ્ડરોને એમની લેણી નીકળતી મુદ્દલ રકમ ચૂકવી દેશે. વ્યાજની રકમ તેમણે છોડી દેવી.

(૩) નવી કંપની બાકીના લેણદારોને તેમના દાવાની રકમ ૨૫% રોકડ ચૂકવશે અને પછી જે બાકી નિકળશે તેની અડધી રકમ માટે નવી કંપનીના શૅર આપશે.

ફડચાનો ખર્ચ નવી કંપની ભોગવે છે.

રજનીશ લિ.ના ચોપડામાં જરૂરી ખાતાં તૈયાર કરો.

**અથવા**

૩ અમિત કંપની લિ.નું તા. ૩૧-૩-૨૦૧૭ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે : ૨૦

| *મૂડી-દેવાં* | *રકમ (રૂ.)* | *મિલકતો-લેણાં* | *રકમ (રૂ.)* |
|---|---|---|---|
| શૅરમૂડી : ૫,૦૦૦ ઈક્વિટી શૅર | | પાઘડી | ૫,૦૦૦ |
| દરેક રૂ. ૧૦ના | ૫૦,૦૦૦ | પેટન્ટસ | ૫,૦૦૦ |
| ૧૦%ના ૨,૫૦૦ ક્યુ. પ્રેફ. | | જમીન-મકાન | ૩૦,૦૦૦ |
| શૅર દરેક રૂ. ૧૦ના | ૨૫,૦૦૦ | યંત્રો | ૩૦,૦૦૦ |
| ૧૦%ના ડિબેન્ચર્સ | ૨૦,૦૦૦ | રોકાણો | ૧૦,૦૦૦ |
| ડિબેન્ચર્સનું બાકી વ્યાજ | ૧,૦૦૦ | દેવાદારો | ૫,૦૦૦ |
| લેણદારો | ૨૦,૦૦૦ | સ્ટૉક | ૫,૦૦૦ |
| દેવી હૂંડી | ૪,૦૦૦ | પ્રાથમિક ખર્ચા | ૫,૦૦૦ |
| | | ન.નુ. ખાતું | ૨૫,૦૦૦ |
| | *૧,૨૦,૦૦૦* | | *૧,૨૦,૦૦૦* |

ટ્રિબ્યુનલે મૂડીઘટાડાની નીચે મુજબની યોજના મંજૂર રાખી છે :

(૧) ઈક્વિટી શૅરની કિંમત શૅરદીઠ રૂ. ૪ ઘટાડવી.

(૨) પ્રેફરન્સ શૅર રૂ. ૬ સુધી ઘટાડવા.

(૩) ડિબેન્ચરહોલ્ડરો તેમનું બાકી વ્યાજ જતું કરે છે.

(૪) ક્યુ. પ્રેફ. શૅરનું ૨ વર્ષનું ડિવિડન્ડ ચઢેલું છે તે તેઓ જતું કરે છે.

(૫) લેણદારો ૨૫% રકમ જતી કરે છે.

(૬) મકાનની કિંમત ૨૫% વધારે અને સ્ટૉકની કિંમત ૧૦% ઓછી ગણવામાં આવે છે.

(૭) રોકાણોની બજારકિંમત રૂ. ૮,૦૦૦ છે. હવે તે નોંધવાની છે.

(૮) બધી અદૃશ્ય અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવાની છે.

(૯) મૂડી ઘટાડા ભંડોળમાં રહેલી વધ-ઘટની રકમ યંત્રો ખાતે નોંધવાની છે.

ઉપરની યોજના અમલમાં મૂકવા જરૂરી આમનોંધ લખો તથા મૂડી ઘટાડા બાદનું કંપનીનું નવું પાકું સરવૈયું તૈયાર કરો.

૪ રમેશ કંપની લિ. તા. ૩૧-૩-૨૦૧૭ના રોજ ફડચામાં ગઈ તે તારીખનું તેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું : ૨૦

| જવાબદારી | રકમ (રૂ.) | મિલકતો | રકમ (રૂ.) |
|---|---|---|---|
| શૅરમૂડી : રૂ. ૧૦૦નો એક એવા ૨૦૦૦ ઈક્વિટી શૅર પૂરેપૂરા ભરપાઈ | ૨,૦૦,૦૦૦ | મકાનો | ૨,૦૦,૦૦૦ |
| ૧૦% પ્રેફરેન્સ શૅરમૂડી : રૂ. ૧૦૦નો એક એવા ૧,૦૦૦ શૅર પૂરેપૂરા ભરાપઈ | ૧,૦૦,૦૦૦ | ફર્નિચર | ૪,૦૦૦ |
| સામાન્ય અનામત | ૪,૦૦૦ | યંત્રો | ૨,૪૦,૦૦૦ |
| ૧૫%ના ડિબેન્ચર્સ (તરતા બોજવાળા) | ૨,૦૦,૦૦૦ | રોકાણો | ૧,૦૦,૦૦૦ |
| ડિબેન્ચર વ્યાજ બાકી | ૩૦,૦૦૦ | સ્ટૉક | ૩,૨૨,૯૦૦ |
| બૅન્ક લોન (તારણ તરીકે કંપનીના રોકાણો છે.) | ૮૦,૦૦૦ | દેવાદારો | ૨૪,૦૦૦ |
| લેણદારો | ૨,૦૦,૦૦૦ | રોકડ | ૯,૧૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૫૦,૦૦૦ | | |
| કર્મચારીઓનો પગાર બાકી (૩ કારકુનોનો ૩ માસનો) | ૧૮,૦૦૦ | | |
| કામદારોનો પગાર | ૧૮,૦૦૦ | | |
| | ૯,૦૦,૦૦૦ | | ૯,૦૦,૦૦૦ |

બૅન્કે કંપનીના રોકાણો ચોપડે કિંમતે વેચ્યાં અને વધારો રૂ. ૨૦,૦૦૦ લિક્વિડેટરને આપ્યો. અન્ય મિલકતોના નીચે પ્રમાણે ઉપજ્યા :

મકાનો ......................... રૂ. ૩,૦૦,૦૦૦

ફર્નિચર ............................. રૂ. ૨,૦૦૦

યંત્રો ........................... રૂ. ૩,૦૦,૦૦૦

સ્ટૉક ........................... રૂ. ૨,૬૦,૦૦૦

દેવાદારો .......................... રૂ. ૨૦,૦૦૦

વિસર્જન ખર્ચ રૂ. ૧૫,૦૦૦ થયો, લિક્વિડેટરને તેણે ઉપજાવેલ રકમ પર ૫% કમિશન આપવાનું છે. ડિબેન્ચરહોલ્ડરોને તા. ૩૦-૯-૨૦૧૭ના રોજ ચૂકવી આપવામાં આવ્યા. પ્રેફ. શૅર ક્યુમ્યુલેટીવ છે અને તેના પર છેલ્લા ૨ વર્ષનું ડિવિડન્ડ બાકી છે.

લિક્વિડેટરનું આવક-જાવક પત્રક બનાવો.

**અથવા**

૪ અમદાવાદ લિમિટેડે રૂ. ૧૦નો એક એવા ૧૦,૦૦,૦૦૦ ઈક્વિટી શૅર ૧૦%ના પ્રીમિયમે બહાર પાડ્યા. પૂરેપૂરી રકમ અંગે શૅર વેચાણની બાંયધરી મયુર, યોગેશ, શૈલેશ અને વિમલ નીચે મુજબ આપે છે : **૨૦**

મયુર ......... ૪,૦૦,૦૦૦ શૅર

યોગેશ ........ ૩,૦૦,૦૦૦ શૅર

શૈલેષ ........ ૨,૦૦,૦૦૦ શૅર

વિમલ ........ ૧,૦૦,૦૦૦ શૅર

કંપનીને ૯,૦૦,૦૦૦ શૅર માટે અરજીઓ મળી જે પૈકી નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી :

મયુર ......... ૪,૪૦,૦૦૦ શૅર

યોગેશ ........ ૧,૮૦,૦૦૦ શૅર

શૈલેષ ........ ૨,૨૦,૦૦૦ શૅર

વિમલ .......... ૨૦,૦૦૦ શૅર

બાંયધરી દલાલોને ૫% કમિશન આપવાનું છે. ઉપરની વિગતો પરથી તમારે :

(અ) દરેક બાંયધરી દલાલની વ્યક્તિગત જવાબદારી નક્કી કરવાની છે. અને

(બ) અમદાવાદ લિમિટેડના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરવાની છે.

૫ ટૂંકનોંધ લખો : (કોઈ પણ **ચાર**) **૨૦**

(૧) બાયબેક

(૨) બાંયધરી કમિશન

(૩) લિક્વિડેટરનું આવક-જાવક દર્શાવતું પત્રક

(૪) સંભવિત જવાબદારીઓ

(૫) કંપનીનો સમાવેશ

(૬) સંયોજનના હેતુઓ

(૭) મૂડી ઘટાડા અંગે કંપની ધારાની જોગવાઈઓ

(૮) સ્વૈચ્છિક વિસર્જન.

## ENGLISH VERSION

**Instructions :**

(1) Question paper contains five questions.

(2) Each question carries equal marks.

**1** The following were the Balance Sheets of Ram Ltd. and Shyam Ltd. as on 31$^{st}$ March, 2017 : **20**

| *Liabilities* | *Ram Ltd. (Rs.)* | *Shyam Ltd. (Rs.)* | *Assets* | *Ram Ltd. (Rs.)* | *Shyam Ltd. (Rs.)* |
|---|---|---|---|---|---|
| Paid up capital : | | | Goodwill | 1,00,000 | - |
| Equity shares of Rs. 100 each fully paid up | 10,00,000 | 5,00,000 | Land & building | 3,00,000 | 1,00,000 |
| 6% Preference share Rs. 100 each fully paid up | 5,00,000 | - | Plant & machinery | 6,00,000 | 3,00,000 |
| General reserve | - | 1,20,000 | Investments | 1,00,000 | 20,000 |
| 10% Debentures | 2,00,000 | - | Stocks | 2,50,000 | 1,50,000 |
| Bank loan | 1,50,000 | - | Debtors | 3,00,000 | 2,00,000 |
| Workers accident compensation fund | - | 80,000 | Cash-bank | 1,70,000 | 30,000 |
| Creditors | 1,50,000 | 1,00,000 | Preliminary expenses | 30,000 | - |
| | | | Profit & Loss A/c | 1,50,000 | - |
| | ***20,00,000*** | ***8,00,000*** | | ***20,00,000*** | ***8,00,000*** |

On the above date, both companies decided to amalgamate and form a new company Ram-Shyam Ltd., with an authorised capital of Rs. 25,00,000 divided into 20,000 equity share and 5,000 10% preference share of Rs. 100 each.

Assets and liabilities of both the companies are to be taken over except investments of Ram Ltd. and cash balance of Rs. 10,000 of Shyam Ltd. The market value of fixed assets of both the companies to be taken at 20% more than the book value.

Payment terms are as follows :

(1) The equity shares of both the companies will be given 6 fully paid equity shares of Ram-Shyam Ltd. for every 5 equity shares held by them at a premium of 10%.

(2) The preference shareholders of Ram Ltd. will be given 4 fully paid preference shares of Ram-Shyam Ltd. for every 5 preference shares held by them and Rs. 50,000 cash.

(3) The debentureholders of Ram Ltd. will be given 12% debentures of Rs. 100 each of Ram-Shyam Ltd. at a discount of 10% to discharge their liabilities at 8% premium.

(4) Rs. 14,000 cash to Ram Ltd.

Ram-Shyam Ltd. issued the remaining equity shares to the public at a premium of Rs. 20 per share, which were fully paid up. Preliminary expenses amount to Rs. 10,000.

Pass necessary entries in the books of Ram-Shyam Ltd. and prepare its Balance Sheet.

**OR**

1 Aman Ltd. absorbed the business of Baman Ltd. on 31-3-2017. Following were the Balance Sheets of both companies on that date : **20**

| ***Liabilities*** | ***Aman Ltd. (Rs.)*** | ***Baman Ltd. (Rs.)*** | ***Assets*** | ***Aman Ltd. (Rs.)*** | ***Baman Ltd. (Rs.)*** |
|---|---|---|---|---|---|
| Equity shares capital each of Rs. 10 fully paid | 3,00,000 | 2,00,000 | Goodwill | 50,000 | 25,000 |
| | | | Land-building | 1,50,000 | 1,00,000 |
| | | | Plant | 1,50,000 | 1,40,000 |
| 10% preference shares capital each of Rs. 100 each | 1,00,000 | 1,00,000 | Stock | 1,00,000 | 75,000 |
| | | | Debtors | 1,50,000 | 1,00,000 |
| | | | Bills receivable | 30,000 | 20,000 |
| | | | Bank | 60,000 | 30,000 |
| 10% Debentures | 1,00,000 | 40,000 | Preli. expenses | 10,000 | 10,000 |
| General Reserve | 50,000 | 40,000 | | | |
| P & L A/c. | 25,000 | 20,000 | | | |
| Bank loan | 25,000 | 15,000 | | | |
| Creditors | 1,00,000 | 85,000 | | | |
| | ***7,00,000*** | ***5,00,000*** | | ***7,00,000*** | ***5,00,000*** |

Aman Ltd. absorbed Baman Ltd. with following terms :

(1) For purchase consideration :

(a) The 10% preference shares of Aman Ltd. should be given for the same amount to preference shareholders of Baman Ltd. and in addition cash amount Rs. 11,500 also to be given.

(b) Debentures of Aman Ltd. should be given to debentureholders of Baman Ltd. so that they get 25% premium.

(c) The rest amount is payable in equity shares each Rs. 10 of Aman Ltd. with 20% premium.

(2) Plant of Baman Ltd. is to be appreciated by 20% but stock to be devalued by 10%. Keep bad debt reserve by 10%. Goodwill is valued at Rs. 50,000. Remaining assets and liabilities taken at book value.

Show necessary calculations in books of Aman Ltd. Prepare a Balance Sheet of Aman Ltd. after absorption of Baman Ltd.

**2** The following Balances were extracted from the books of MDX Ltd. as on 31-3-2017 : **20**

| ***Particulars*** | ***Debit Bal. (Rs.)*** | ***Particulars*** | ***Credit Bal. (Rs.)*** |
|---|---|---|---|
| Opening stock | 27,000 | 1,00,000 equity shares of Rs. 1 each | 1,00,000 |
| Purchases | 79,000 | | |
| Wages | 10,000 | | |
| Carriage in ward | 600 | 1,00,000 5% redeemable preference share of Rs. 1 each | 1,00,000 |
| General expenses | 4,000 | | |
| Rent and taxes | 2,000 | | |
| Motor car | 3,000 | | |
| Carriage out ward | 1,400 | | |
| Salary | 3,100 | Sales | 84,000 |
| Bank expenses | 105 | Bad debt reserve | 1,500 |
| Bad debts | 2,100 | | |
| Directors fee | 2,000 | Creditors | 17,500 |
| Debtors (out of which Rs. 3,000 are for more than 6 months) | 19,800 | | |
| Profit & Loss A/c. | 19,650 | | |

| | | | |
|---|---|---|---|
| Cash at bank | 795 | | |
| Land and building | 87,000 | | |
| Plant and machinery | 17,500 | | |
| Goodwill | 20,000 | | |
| Preliminary expenses | 2,950 | | |
| Investment in 'X' Ltd. 1,000 equity share of Rs. 2 each, Rs. 1 pad | 1,000 | | |
| | ***3,03,000*** | | ***3,03,000*** |

Prepare Profit and Loss Account and Balance Sheet of MDX Ltd. after taking into consideration the following information :

(1) The closing stock is valued at Rs. 36,000.

(2) It was saught that the debit sale worth Rs. 200, was made on 31-3-2017, but it was not recorded in the books of accounts however it was duly accounted for in closing stock.

(3) Uninsured stock worth Rs. 3,000 has perished due to fire.

(4) Due to mistake purchases include the purchase of plant and machinery worth Rs. 1,000 purchased on $31^{st}$ March, 2017.

(5) Wages includes Rs. 500 being setting up expenses of the new machinery worth Rs. 4,000 purchased on 30-9-2016.

(6) Purchase book includes the purchase of old motor car worth Rs. 9,000. In addition, it also includes Rs. 200 being the license fee paid for the licence, for the period upto 30-9-2016.

(7) The dividend has not been paid on the redeemable preference shares for the past three years.

(8) Depreciate plant and machinery by 10% and motor car by 20%.

(9) Write off preliminary expenses by 10%, increase bad debts reserve upto Rs. 2,000, Prepaid rent and taxes were Rs. 800.

(10) The authorised capital of MDX Ltd. 1,50,000 equity shares of Rs. 1 each, 1,00,000 5% Redeemable preference shares of Rs. 1 each.

**OR**

2 A company issued Rs. 1,80,000 Redeemable preference shares at par on 1st January, 2006, redeemable at the option of the company on or after 31st December, 2009 in whole or in part. The following redemptions were made out of profit. **20**

On 30-6-2013 ................................Rs. 60,000

On 30-6-2014 ................................Rs. 40,000

In December, 2013 the company issued equity shares of the face value of Rs. 60,000 at a premium of 2% and on 31st December in the same year it redeemed the balance of preference shares.

Pass the necessary journal entries to record the transactions.

3 The Balance Sheet of Rajneesh Ltd. as on 31-3-2017 is as under : **20**

| **Liabilities** | **Rs.** | **Assets** | **Rs.** |
|---|---|---|---|
| 75,000, 6% cum. pref. shares of Rs. 1 each fully paid | 75,000 | Sundry assets | 1,57,000 |
| 1,00,000 Equity share of Rs. 1 each fully paid | 1,00,000 | P and L A/c. | 52,000 |
| 5% Debentures : 20,000 + Accrued interest : 2,000 | 22,000 | | |
| Sundry creditors | 12,000 | | |
| | ***2,09,000*** | | ***2,09,000*** |

No dividend has been paid up to the preference shares for the past two years. It is proposed that a New Company Arvind Ltd. be formed to take over the whole of the assets. The capital of the new company to consist of equity shares of Rs. 1 each.

The following scheme has been duly adopted and sanctioned :

(1) Shares in the new company to be issued in exchange for shares of the old company on the following basis :

(a) Equity shareholders to receive one new share for every five shares hold by them.

(b) Preference shares to receive three new shares for every five shares held and a further one half new share for every 25 shares held in satisfaction of the arrears of preference share dividend.

(2) The debentureholders to be paid by the new company the amount due to them in respect of principal and to waive any claim for arrears of interest.

(3) The other creditors to be paid 25% of their claims by the new company in cash and to be allotted shares in the new company to the extent of one half of the balance.

Cost of winding is to be borne by new company.

Prepare required ledge accounts in the books of Rajesh Ltd.

**OR**

**3** Following Balance Sheet is of Amit Ltd. on 31-3-2017 : **20**

| **Liabilities** | **Amt. (Rs.)** | **Assets** | **Amt. (Rs.)** |
|---|---|---|---|
| Share capital 5,000 equity shares of Rs. 10 each | 50,000 | Goodwill | 5,000 |
| 2,500 10% cumm. pref. shares of Rs. 10 each | 25,000 | Patents | 5,000 |
| 10% Debentures | 20,000 | Land and Building | 30,000 |
| Deb. interest outstanding | 1,000 | Plant | 30,000 |
| Creditors | 20,000 | Investments | 10,000 |
| Bills payable | 4,000 | Debtors | 5,000 |
| | | Stock | 5,000 |
| | | Prelim. expenses | 5,000 |
| | | Profit and loss A/c. | 25,000 |
| | ***1,20,000*** | | ***1,20,000*** |

Tribunal has approved the following scheme for Capital Reduction :

(1) Each equity share will be reduced by Rs. 4.

(2) Each pref. share shall be reduced to Rs. 6.

(3) Debentureholders forgot their claim on outstanding interest.

(4) Dividend on cummu. preference shares is not paid for last two years. They forgot their rights for unpaid dividend.

(5) Creditors agree to reduce their amount by 25%.

(6) Value of land and building is appreciated by 25% while that of stock is reduced by 10%.

(7) Market price of investment is Rs. 8,000.

(8) Write of all fictitious and unreal assets.

(9) Finally, necessary adjustment is to be done by changing value of plant.

Pass necessary journal entries and prepare Balance Sheet of the company after reduction of capital.

4 Ramesh Company Ltd. went into voluntary liquidation on 31-3-2017 when the following Balance Sheet was prepared : **20**

| **Liabilities** | **Amt. (Rs.)** | **Assets** | **Amt. (Rs.)** |
|---|---|---|---|
| Share capital : 2000 equity shares of Rs. 100 each fully paid up | 2,00,000 | Buildings | 2,00,000 |
| 10% Preference share capital : 1,000 pref. shares of Rs. 100 each fully paid up | 1,00,000 | Furniture | 4,000 |
| General reserve | 4,000 | Machinery | 2,40,000 |
| 15% Debentures (Mortgage) | 2,00,000 | Investment | 1,00,000 |
| Outstanding debenture interest | 30,000 | Stock | 3,22,900 |
| Bank loan (Secured by investment) | 80,000 | Debtors | 24,000 |
| Creditors | 2,00,000 | Cash | 9,100 |
| Provident fund | 50,000 | | |
| Outstanding salary of employee (3 clerks for three months) | 18,000 | | |
| Salary of workmen | 18,000 | | |
| | ***9,00,000*** | | ***9,00,000*** |

The bank has sold the investments at book value and surplus amount of Rs. 20,000 was returned to the liquidator. Other assets realised as under :

Building.............................. Rs. 3,00,000

Furniture................................ Rs. 2,000

Machinery .......................... Rs. 3,00,000

Stock ................................... Rs. 2,60,000

Debtors ................................. Rs. 20,000

Liquidation expenses are Rs. 15,000, Liquidator is entitled to get remuneration at 5% on amount realised by him. Debentureholders were paid on Dt. 30-9-2017. Preference shares are cumulative and preference dividend is in arrears for the last two years.

Prepare liquidator's final statement of Receipts and payments.

**OR**

**4** Ahmedabad Limited issued a prospectus inviting application for 10,00,000 equity shares of Rs. 10 each at a premium of 10%. The whole issue was fully underwritten by Mayur, Yogesh, Shailesh and Vimal as follows : **20**

Mayur ....... 4,00,000 shares
Yogesh ...... 3,00,000 shares
Shailesh .... 2,00,000 shares
Vimal ........ 1,00,000 shares

Company received 9,00,000 shares applications of which marked applications were as under :

Mayur ....... 4,40,000 shares
Yogesh ...... 1,80,000 shares
Shailesh .... 2,20,000 shares
Vimal ........... 20,000 shares

5% commission paid to underwriter. From the above information, you have to :

(a) Find out liabilities of individual underwriters and
(b) Give necessary journal entries in the books of Ahmedabad Ltd.

**5** Write short notes : (any four) **20**

(1) Buy back
(2) Underwriting commission
(3) Liquidator's statement of receipts and payments
(4) Contigent liabilities
(5) Absorption of company
(6) Objectives of amalgamation
(7) The provisions of Companies Act relating to capital reduction.
(8) Voluntary liquidation.